# એ.એમ.પી. સરકારી લો કોલેજ – રાજકોટ

## પ્રવેશ માટે ધ્યાનમાં રાખવાની સુચના વર્ષ : ૨૦૨૫-૨૬

**આથી જણાવવાનું કે અત્રેની કોલેજમાં વર્ષ : ૨૦૨૫-૨૬ ના પ્રથમ વર્ષ એલએલ.બી. પ્રવેશ રાઉન્ડ – ૧૪ મેરીટયાદીમાં જે વિધાર્થીઓના નામ આવેલ છે તેઓએ GCAS પોર્ટલ પર પોતાનું લોગીન કરીને ઓફર લેટર અને એપ્લિકેશન ફોર્મની પ્રિન્ટ તેમજ તમામ અસલ ડોક્યુમેન્ટ અને તમામ ડોક્યુમેન્ટની સ્વ-પ્રમાણિત ઝેરોક્ષ નકલ (૨ કોપીમાં) સાથે તા.૧૦/૦૯/૨૦૨૫ ના સવારે ૯:૦૦ થી ૧:૦૦ સુધીમાં કોલેજ ખાતે રૂબરૂ ઉપસ્થિત રહી ફી ભરી, એડમિશન કન્ફર્મ કરવાનું રહેશે.**

**સૌરાષ્ટ્ર યુનિવર્સીટી, રાજકોટ ના તા.૦૪/૦૮/૨૦૨૫ ના ઈ-મેઈલ અન્વયે ઓફર લેટર પ્રવેશની બાહેંધરી નથી.કોલેજમાં કેટેગરી વાઈઝ ખાલી રહેલ જગ્યાઓને ધ્યાને રાખી પ્રવેશ આપવામાં આવશે.**

- ડોક્યુમેન્ટની યાદી :- (અસલ તથા સ્વ-પ્રમાણિત ૦૨ નકલ)
  - શાળા છોડ્યાનું પ્રમાણપત્ર
  - ધોરણ-૧૦ માર્કશીટ
  - ધોરણ-૧૨ માર્કશીટ
  - ગ્રેજ્યુએશન તમામ સેમેસ્ટરની માર્કશીટ અને ડિગ્રી સર્ટિફિકેટ
  - પોસ્ટ ગ્રેજ્યુએશન તમામ સેમેસ્ટરની માર્કશીટ અને ડિગ્રી સર્ટિફિકેટ (જો લાગુ પડતું હોય તો)
  - જાતિનું પ્રમાણપત્ર (EWS/SC/ST/SEBC)
  - SEBC ના વિદ્યાર્થીઓએ નોન ક્રીમીલેયર પ્રમાણપત્ર (૩૧-૩-૨૦૨૩ પછીનું)
  - આધારકાર્ડ
  - પાસપોર્ટ સાઇઝ ફોટો- ૨ (સફેદ બેકગ્રાઉન્ડ વાળા)
  - સરકારી કે અર્ધ સરકારી કે ખાનગી સંસ્થામાં નોકરી કરતા વિદ્યાર્થીઓએ સંસ્થાનાં વડાનું એન.ઓ.સી. ફરજીયાત રજુ કરવાનું રહેશે.
  - Undertaking By Student (ગ્રીન લીગલ પેપરમાં)
  - સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સિવાયની અન્ય યુનિવર્સિટીમાં અભ્યાસ કરેલ વિદ્યાર્થીઓ જો મેરીટમાં આવશે તો સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી પ્રોવિઝનલ એલીઝીબીટી સર્ટીફીકેટ કઢાવીને ડોક્યુમેન્ટ વેરીફીકેશન વખતે રજુ કરવાનું રહેશે તેમજ ઝેરોક્ષ નકલ જોડવાની રહેશે.

(PEC વેબસાઇટ : https://forms.saurashtrauniversity.edu/provisional_certificate

**નોંધ : જે વિદ્યાર્થીઓને સેમેસ્ટર-૬ ની અસલ માર્કશીટ આવેલ ન હોય, તેઓએ ઓનલાઇન માર્કશીટમાં જે-તે કોલેજના સહી-સિક્કા કરાવી રજૂ કરવાની રહેશે.**

**સોગંદનામાની યાદી :-**

- દરેક વિદ્યાર્થીઓએ આ સાથે સામેલ નિયત નમૂનાનું સોગંદનામું રૂ. ૫૦ ના સ્ટેમ્પ પેપર પર નોટરાઈઝ કરાવીને લાવવાનું રહેશે.
- મેરીટમાં આવતા વિદ્યાર્થીઓ માટે બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયાનાં પરિપત્ર નં. **BCI:D:1519 (LE:Cir)-6) Dt. 17-9-2016** મુજબ તેમજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,રાજકોટના વર્ષ : ૨૦૨૫-૨૬ પ્રવેશ માટેની આપેલ જોગવાઈ મુજબ તા.૦૧/૦૬/૨૦૨૫ નાં રોજ **SC/ST** ના જે વિદ્યાર્થીઓની ઉમર ૩૫ વર્ષ પૂર્ણ થયેલ હોય તેઓએ તથા તે સિવાયનાં અન્ય વિદ્યાર્થીઓ જેમની ઉમર ૩૦ વર્ષ પૂર્ણ થતી હોય તેઓએ નિયત નમુનાનું સોગંદનામું રૂ. ૩૦૦ નાં સ્ટેમ્પ પેપર પર નોટરાઈઝ કરાવીને આપવાનું રહેશે.
- મેરીટમાં આવતા વિદ્યાર્થીઓ જેઓએ ગ્રેજ્યુએશન કે પોસ્ટ ગ્રેજયુએશન પૂર્ણ કર્યા બાદ એક વર્ષથી વધારે સમયથી અન્ય કોઈ અભ્યાસમાં જોડાયેલ ના હોય(એક વર્ષથી વધારે બ્રેક) પડેલ હોય તે વિદ્યાર્થીઓએ નિયત નમુનાનું સોગંદનામું રૂ.૩૦૦ નાં સ્ટેમ્પ પેપર પર નોટરાઈઝ કરાવીને આપવાનું રહેશે.
- ફી ની વિગત: ભાઈઓ રૂ. ૧૫૧૦/- બહેનો રૂ. ૬૧૦/- ઓનલાઇન ભરવાની રહેશે.
- ઉપરોકત તમામ ઓરીજનલ ડોક્યુમેન્ટની સ્કેન કરેલ સોફ્ટ કોપી (PDF– 500kb સુધીની) તેમજ ફોટો તેમજ સહીની JPG ફાઇલ મોબાઈલમાં સાથે રાખવી.
  - Photo નું માપ 5 સે.મી. લંબાઇ અને 3.6 સે.મી. પહોળાઇનુ હોવુ જોઇએ.
    Photo ની Size 25 KB થી વધારે રાખવી નહિ.
  - Signature નું માપ 2.5 સે.મી. લંબાઇ અને 7.5 સે.મી. પહોળાઇનુ હોવુ જોઇએ. Signature માટે સફેદ કાગળ ઉપર કાળા/બ્લ્યુ કલરમાં સહી કરીને તેને સ્કેન કરીને JPG ફોર્મેટમાં અપલોડ કરો.
    Signature ની Size 25 KB થી વધારે રાખવી નહિ.

ઓનલાઇન પ્રવેશ પ્રક્રિયા હોય ઉપરોક્ત તારીખ વિત્યા બાદ કોઇ પણ રજુઆત ધ્યાને લેવામાં આવશે નહી તેની ખાસ નોંધ લેવી.